# વનાંચલ

–જયન્ત પાઠક

ત્રણ સાડા ત્રણ દાયકા પછી પાછો વતનમાં. આ વખતે ગાડામાં, ઘોડે બેસીને કે ચાલીને નહીં; પણ એસ.ટી.ની બસમાં. કેવું પરીવર્તન ! એક વાર અહીં આગગાડીની વાત પણ માનવા કોઈ તૈયાર નહોતું. આદીવાસી કહેતો, 'બળદ વગર ગાડી ચાલી જ ન શકે !' દેવગઢબારીયાથી રાજાની મોટર આવે ત્યારે ગામેગામ લોકોનાં ટોળાં રાજાનું નહીં; તેટલું મોટરનું દર્શન કરવાના ઉત્સાહમાં રસ્તા પર ઉમટે. મોટર પસાર થઈ ગયા પછી છોકરાં એનાં પૈડાંની ભાત જોઈ રાજી રાજી થઈ જાય ને પેટ્રોલની મનગમતી વાસ ધુળમાં નીચા વળીને માણે ! બસમાં મારી સાથે કેટલાક આદીવાસી સ્ત્રીપુરુષો છે. તેઓ ઘોઘંબે ઉતરી ચાલતાં પોતપોતાને ગામ જશે. લંગોટીને બદલે હવે ઠેપાડાં, ઘુઘરીયાળાં બટનવાળાં લીલાં ખમીસ ને માથે ફાળીયાં જોવા મળે છે. કહે છે કે કરડ નદીનો બંધ બંધાયો તેમાં આ લોકોને સારી રોજી મળી.

પાવાગઢથી વતનમાં જતાં વચ્ચે ત્રણેક ગાઉનું જંગલ આવે. એક વારનું આ ગીચ જંગલ, વાઘ અને લુંટારાના ભયથી ભરેલું. ગાડામાં બેસી કે ચાલતા જતા હોઈએ ત્યારે આ વીસ્તારમાં પ્રવેશતાં જ વાતચીત ધીમી થઈ જતી; ગાડું હાંકવાવાળા પણ બળદને ડચકારતાં ડરે–રખેને કોઈ જાનવરને કે વાટમારુને ગંધ આવી જાય ! આજે તો આ જંગલ આછુંઓછું થઈ ગયું છે. ભયને વસવા માટે અનુકુળ જગા જ નથી. ગણ્યાંગાંઠ્યાં ઝાડવાં ઉભાં છે; ખેતરો ને વસતીના બધતા જતા આક્રમણથી વગડો છીન્નભીન્ન થઈ ગયો છે. જ્યાં કેડીઓ હતી ત્યાં રસ્તા થયા છે; કેડીઓ તો બીચારી વગડામાં સંતાતી–સંકોચાતી ફરે, રખેને ઘાસ કે છોડ ધસી આવીને એને રંજાડે એવો એને ભય. પણ આ રસ્તા ! એમની તો જાણે શાહી સવારી ! સંકોચ તો એ શીખ્યા જ નથી ! સંકોચાવાનું તો વગડાને; ઝાડપાન બીચારાં આઘાં ખસીને જગા કરી આપે છે. આડાં થાય તો એમનું આવી જ બને, જાનથી જાય ! ને આ વગડો ! ક્યાં માણસને આશ્રય આપતો પેલો 'વનાંચલ' ને ક્યાં આ માણસને આશ્રયે, એની દયા પર જીવતાં ઝાડવાં ! હવે તો જાણે પ્રકૃતીને સંસ્કૃતીની મહેરબાની પર જ જીવવાનું !

ગોઠ ગામ – મારી જન્મભુમી – ઉજ્જડ થઈ ગયું છે. ઘર પડી ગયાં છે. અહીંના બ્રાહ્મણો નજીકના ઘોઘંબા ગામમાં જઈને વસ્યા છે. જે ઘરની કોઢમાં હું જન્મેલો તે ઘર આજે નાથી. ગામને ઝાંપે ઉભેલો પુરાણો વડ ઉખડી પડ્યો છે. પાસેનું થાણું પડી ભાંગ્યું છે. એની ઈંટો લોકો પોતાના વપરાશ માટે ઉપાડી જાય છે. કોળીનાં ઘર હજી ઉભાં છે, એવાં ને એવાં; હજી અજવાળું પ્રવેશે એટલાં ઉંચાં થયાં નથી. ગામને આરે પાણી રહેતું નથી. જ્યાં ઉનાળામાંયે વાંસ વાંસ પાણી રહેતું ત્યાં હવે પાતળી સેર પણ વહેતી નથી. કાળા ખડકો હાડપીંજર જેવા પડ્યા છે. ઉપરવાસ નદી પર બંધ બાંધવામાં આવ્યો છે. નહેર વાટે દુર દુરના વીસ્તારોને પાણી અપાય છે. મનમાં ઉમાશંકરનું 'બળતાં પાણી' ચમકે છે : 'નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી–'. નહેરથી અનાજ પાકશે, અન્નપરીસ્થીતી સુધરશે; પણ ચોમાસામાં ગાંડી થતી નદીનું પેલું સૌન્દર્ય ? ઝાડ ઉપરથી ભુસકા મારવાનો પેલો આનન્દ ? એ તો ગયાં તે ગયાં જ. ઉપયોગીતાનાં આદરમાન થાય ત્યાં સૌન્દર્યની અવગણના આછીવત્તીયે થવાની જ. પટની વચ્ચે એક કાળો પથ્થર છે. બરાબર તકીયા

જેવો. આટલે વર્ષે પાછો એને અઢેલીને ઘડીક બેસું છું. નદીમાં થઈને ગાડાં પસાર થાય છે. પૈડાં નીચે પીલાતી રેતીનો પરીચીત અવાજ સંભળાય છે; માત્ર પેલો પાણીનો છલબલાટ નથી, દેડકીઓનું ડ્રાંઉ ડ્રાંઉ નથી; પાસેના કોતરમાંથી પાણી પીવા માટે શીયાળવાં નીકળતાં દેખાતાં નથી. ઉપરવાસ સ્મશાનમાં હાડકાં માટે ઝઘડતા ઝરખના છીંકોટા સંભળાતા તે હવે સંભળાતા હશે કોઈ વાર ?

ગામથી વૈજનાથ મહાદેવનું દહેરું હશે તો અર્ધો ગાઉ દુર; પણ વચ્ચેનું જંગલ એની દુરતા વધારતું. હવે તો ગામને ઝાંપેથી દહેરાનું શીખર અને ઉડતી ધજા સ્પષ્ટ દેખાય છે. વૃક્ષોની આડશ દુર થઈ છે ને તે સાથે ભયનો, ગુઢતાનો રોમાંચ પણ નષ્ટ થયો છે. મહાદેવ પણ 'સુધરી' ગયો છે, આજુબાજુ બાવાએ સુધરેલી દુનીયાનાં ફુલઝાડ ઉગાડ્યાં છે. સ્મશાનમાં ક્રીડા કરતા ને ચીતાભસ્માવલેપથી શોભતા 'હર' હવે તો અહીં આરસની ફરસબંદીવાળા નીવાસસ્થાનમાં વસે છે; અકળાતા હશે કોઈ વાર ? ! અહીંથી નજર કરો એટલે જુનું રાજગઢ ને મંગલેશ્વર મહાદેવના મંદીરનું ખંડેર દેખાય. એક વાર અહીંના જંગલમાં રાતે ફાલુડીનું રુદન સંભળાતું; દીવસે જાળામાં આરામ કરતાં શીયાળવાં જોવા મળતાં, શાહુડીનાં પીંછાં વેરાયેલાં દેખાતાં, રાની બીલાડા ફરતા. આજની પેઢીને તો એની વાત પણ પરીકથા જેવી જોડી કાઢેલી લાગે છે. ફળીયામાં રાતે કુતરાં ટપ્ ટપ્ પગલાં પાડતાં ઝાંપા સુધી જાય ને ભસવા માંડે. દાદા વહેલી સવારે ઉઠી શૌચ માટે પસાયતામાં થઈ જંગલમાં જાય ત્યારે ભાળ કાઢી લાવે કે રાતે થાણા પાછળના રસ્તેથી વાઘ નદી ભણી પાણી પીવા ગયેલો, એનાં મોટાં પગલાં ધુળમાં પડેલાં, કુતરાં એટલે જ ભસતાં હતાં. હવે તો વાઘ માત્ર છોકરાં બીવરાવવા માટેનું કલ્પનાનું પ્રાણી જ રહ્યું છે. અમે નાના હતા ત્યારે બે ગાડાં ઉપર પાંજરાં ચડાવી બે ચીત્તા થાણામાં પકડી આણેલા. અમે હોંશે હોંશે જોવા ગયેલા. જાનવર ઘુરકીયા કરતાં ને પકડનાર શીકારી મહમ્મદ હુસેન કમાલન પાંજરાને લાત મારી 'સાલા કુત્તા' કહેતો હસતો. એ વાઘ પછી દેવગઢ–બારીયે મોકલાવેલા ને રાજાએ એમના કોઈ રાજવી સમ્બન્ધીને ભેટ મોકલી આપેલા. આવી વાત હું કરું છું તો સાંભળનારને કશો રસ પડતો નથી. લોકો ચુંટણીની, લાઈસન્સ–પરમીટની, ડીઝલ ઓઈલની, લેવીની ને મોંઘવારીની વાતો કરે– સાંભળે છે.

ઘોઘંબા ગામમાં મારા કાકાના ઘરની સામે બસ ઉભી રહે છે. ગીરજાશંકર પંડ્યાના પેલા અંધારા ઘરમાં બીરાજતાં રણછોડજી ને લક્ષ્મીજી હવે ગામ વચ્ચે રહેવા આવી ગયાં છે. એમને માટે વસવાટની સરસ વ્યવસ્થા થઈ છે. આંગણામાં મોટરના પ્રવાસીઓની મંડળીની જાતજાતની વાતો સાંભળવાનું, હૉટલના થાળીવાજાનાં ગાણાં સાંભળવાનું, સુધરેલી દુનીયાના કોલાહલ વચ્ચે જીવવાનું એમને ફાવતું હશે ? ! અહીં ખાસ્સું બજાર જામી ગયું છે. માથામાં નાખવાનું ધુપેલ કે ધોવાનો સોડા મંગાવવા માટે અમે છગુ ટપાલીને શીશો ને ઝોળી આપતાં; અહીં તો હવે રંગબેરંગી તેલની બાટલીઓ દુકાનમાં શોભે છે; જુવાનો સુગંધીદાર તેલ નાખી, પટીયાં પાડી હૉટેલના બાંકડે પાન ચાવતા બેઠા છે. નદીમાંથી લીસો સપાટ પથ્થર શોધી તેને કપડાં પર અમે ઘસીએ – એ જ અમારો સાબુ. આજે તો અહીં ધોવાના જ નહીં; જાતજાતના નહાવાના સાબુ પણ મળે છે – લીમડા, હમામ, લક્સ, રેક્સોના. અમે નાના હતા ત્યારે ભુંગળાવાળું થાળીવાજું લઈને કોઈ બે જણ આવેલા તે જેઠાકાકાને ઓટલે સંભળાવતા. પેટીમાં બેસીને કોણ બોલતું હશે, એ પેટીમાં શી રીતે રહી શકતું હશે એવી એવી મુંઝવણ અમને થાય, હવે તો ગામમાં ત્રણચાર જણને ઘરે રેડીયો છે. આદીવાસીઓ

દારુ ને તમાકુ પીએ, ચામાં ના સમજે. સોડા–લેમન કે શરબત તો એમણે દેખ્યાંય ક્યાંથી હોય ! આજે તો કોઈ દેવ કે દેવીનું નામ ધરાવતી હૉટલને બારણે આદીવાસીની મંડળી જામી છે. કોઈ ચીની માટીના પ્યાલામાં ચા પીએ છે, તો કોઈ વળી કાચના ગ્લાસમાં સોડા–લેમન કે રંગબેરંગી શરબત ગટગટાવે છે ! છેવાડે વસતાં ભંગી કુટુમ્બો સવારમાં તુટલો ‘કૉપ’ કે વાટકો લઈ ચા લેવા આવે છે. બાજુની નાનકડી દુકાને પાન ખાનારની ઠઠ જામી છે. બધાંનાં મોં પર આ ‘સુધરેલા’ જીવનનો રંગ ચમકે છે.

અમારા વખતમાં હજામત કરાવવાની ભારે તકલીફ. પાલ્લી ગામમાં મુળજી ગાંયજો રહે; આસપાસનાં કેટલાંય ગામમાં કેશકર્તનની કામગીરી એ એકલો જ કરે. લગ્ન વખતે મશાલ ધરવાનું પણ એનું જ કામ. ક્યારેક ગોઠમાં આવી ચડે એટલે અમારે બધાએ પાટ પર બેસી જવાનું. મૅંગેનીઝની છલુડીમાં મુળજી પાણી મંગાવે. એની આંગળીઓ જ બ્રશ ને સાબુ. અમારો ‘ચહેરો કાઢે.’ આંખમાં પાણી આવી જાય, શરીરે પરસેવો વળી જાય; કપાળમાં ને બોચીમાં લોહીના ટશીયા ફુટે ! અમારું માથું જ્યારે મુળજી રાત એના બે પગ વચ્ચે લે, ઢીંચણના ચીપીયાથી પકડી રાખે ત્યારે તો જાણે શીરચ્છેદ માટે ગરદન ઝુકાવી છે એમ લાગે ! શરીરની ને ધોતીયાની વાસથી માથું ફાટે. મુળજીને બાર મહીને મણ દાણા ને અડધો આપવાનાં. એના વારસદારો આજે ઘોઘંબા ગામમાં ‘હૅર કટીંગ સલુન’ ચલાવે છે ! લોકો ખુરશી પર બેસી નીરાંતે વાળ કપાવે છે. હજામ માથા પર પાણીનો ફુવારો છોડે છે, આધુનીક અસ્રાથી, આધુનીક ફૅશનના વાળ કાપે છે. બોચી પર પાવડર છાંટી આપે છે. ઘરાક ફટ દેતોકને સીક્કા કાઢી ચાર્જ ચુકવે છે.

ઉનાળામાં પહેરવા માટે અમારે ‘ઝીણીયાં’ (ઝીણા કાપડનાં ખમીસ) સીવડાવવાનાં હોય, પાલ્લીના શંકર દરજીના દીકરા મોહનને બોલાવ્યો હોય. ગજકાતર લઈ, કપાળમાં સ્વામી નારાયણી મોટા ચાલ્લાવાળો મોહન આવે, બા પોટલામાંથી છેડાગાંઠણાં (લગ્ન વખતે વરકન્યાના છેડા ગાંઠવા માટેનું સફેદ કપડું જે ગોરને લેવાનું હોય) કાઢે છે, દરજી વેતરે છે. અમે ‘ટૅનીસ કૉલર’ રાખવાનું કહીએ છીએ. કપડાં આવે ત્યારે ક્યાં તો મોટાં પડે કે પછી નાનાં પડે ! કૉલર ખીસ્સા પર લટકતા હોય કે પછી કોકડું વળીને ગળે વળગતા હોય ! અમે બા આગળ અણગમો પ્રગટ કરીએ. બા મોહનને ઠપકો આપે, મોહન સાંભળી રહે. એને સાંભળી રહ્યા વીના છુટકો નહીં ને અમારે પેલાં ‘ઝીણીયાં’ પહેર્યા વીના છુટકો નહીં. કોઈ વાર એનો કલાકાર આત્મા વધારે દુભાય ત્યારે બબડે : ‘તમે તો મારો દેશડંકો વગાડ્યો !’ મફતનું કાપડ અને અઢી આના સીલાઈના. આજે હું જોઉં છું તો ઘોઘંબામાં ‘ફૅન્સી’ સીલાઈની દુકાનો લાગી ગઈ છે. જેમ હજામ તેમ દરજી હવે ઘરે આવતા નથી. આદીવાસીઓની એક મંડળી કપડાં સીવડાવવા આવી છે. દુકાન બહાર ઝાડ નીચે બેઠાંબેઠાં તેઓ તમાકુ પીએ છે. સીલાઈના ભાવ વધ્યા છે; ઓટલે સંચો રાખીને સીવવા માટે દરજીએ મકાનમાલીકને મહીને ત્રીસ રુપીયાનું ભાડું ભરવાનું હોય છે !

થાણું, નીશાળ, દવાખાનું હવે ઘોઘંબામાં આવી ગયાં છે. દેશી રાજ્ય ગયું; ગુજરાત સરકારના અમલદારો પાટલુન–બુશકોટમાં ફરે છે, જીપો દોડાવે છે. આગળ તો ભવાનીશંકર દાક્તરને ત્યાં ને પછી અમારે ત્યાં સાપ્તાહીક ‘પ્રજાબંધુ’ આવે. જેઠાકાકાના મોટા દીકરા ચન્દ્રકાન્ત પાઠક મુમ્બઈમાં ‘જન્મભુમી’ના તંત્રીવીભાગમાં કામ કરે એટલે તેમને ત્યાં ‘જન્મભુમી’ આવે. હવે તો અહીં અનેક છાપાંઓ આવે છે, રેડીયો સમાચાર સંભળાવે છે, લોકો અલકમલકની પરીસ્થીતીની વાતો કરે છે. હું મોટાભાઈના નવા મકાન

'રામનીવાસ'માં બેઠો છું. કોઈ આવે છે તેને તેઓ ઓળખાણ આપે છે : 'આ મારો નાનો ભાઈ જયન્તી, જયન્ત પાઠક; કવી છે, પ્રૉફેસર છે.' આવનાર 'એમ !' એવો ઉદ્ગાર કાઢી જરા, જરાક જ મારી સામે જોઈ લે છે, ને પછી સ્થાનીક પરીસ્થીતીની વાતોમાં ડુબી જાય છે. સરકાર હવે છેક રસોડા સુધી આવી ગઈ છે એટલે ઘરનો સ્ત્રીવર્ગ પણ રેશન, કંટ્રોલ ને મોંઘવારીની વાતો કરે છે.

મન મુંઝાય છે. ઉદાસ થઈ ગયું છે. કોઈ અજાણ્યા મુલકમાં આવી પડ્યો હોઉં એમ લાગે છે, ગોઠતું નથી. મારું માટીનું ખોરડું, મારી સલીલસભર નદી, મારો વગડો – બધું ગયું. હા, હજી ડુંગરા એવા ને એવા ઉભા છે; એ મોરડીયો, કાનપુરીયો ને ધેજગઢીયો–વહેતા કાલપ્રવાહની વચ્ચે અડીખમ, નીર્વીકાર, સ્થીતપ્રજ્ઞની જેમ ઉભા છે. ભુતકાળ ભુંસાઈ ગયો છે, ભુંસાઈ રહ્યો છે; એ કંઈક સચવાયો છે આ ડુંગરાઓની વજ્રમુષ્ટીમાં ને કંઈક મારા મનમાં. વ્યગ્રતાથી છુટવા હું સાંજે ઘરેથી નીકળું છું, કોતર ઉપર થઈને ગોઠમાં પ્રવેશું છું – એ કોતર જ્યાંથી જતાં રાની બીલાડાની ને ભુતની બીકથી ધબકારા વધી જતા. ઉઘાડા ચોતરા વચ્ચે હજી પેલા તડકેશ્વર મહાદેવ બેઠા બેઠા તપ તપે છે. સંહારના સ્વામી સંહારલીલાને નીશ્ચલતાથી, નીર્મમ નેત્રે નીહાળી રહ્યા છે. ચોતરો દીવસે દીવસે નાનો થતો જાય છે, થોડા દીવસમાં બધું હતું ન હતું થઈ જશે. લોકક્ષયકૃત્ કાળને રોકનારું અહીં કોઈ નથી. આંબલીઓ ને લીમડો ઉભાં છે, માત્ર એની ઉપર ચડનાર ને એની નીચે રમનાર કોઈ નથી. ફળીયામાંથી હું પસાર થાઉં છું; મને જોનાર ત્યાં કોઈ નથી; કુંતરુંયે નથી કે મને અજાણ્યો જાણીને ભસે ! થાણા પાછળની લટીયા તળાવડી જોઈ આવું છું. મારાં ક્યારડાં જોઉં છું. દાદાનું ખેતર જોઉં છું. મારી અને એમની વચ્ચેનું અંતર વધી ગયેલું જણાય છે. વહાલ ઉપજે છે; પણ જાણે સામેથી એવો પ્રતીભાવ જાગતો નથી. રહ્યાંસહ્યાં ઝાડવાને પુછું છું : 'ઓળખો છો ?' જવાબમાં જાણે માથું ધુણાવી કહે છે : 'ના, ના.' આ ભુમી પુરતો જાણે હવે હું કોઈ જીવતો માનવી નથી, પ્રેત છું, વાસનાદેહે વીચરું છું. આ શીળી ધુળમાં પડેલી મારી હજારો પગલીઓને વર્તમાનના વાયુએ ભુંસી નાખી છે. આ પરીચીત આંબો, કુવો, વાડ, તળાવડી – બધાંને ઉલટથી મારું નામ કહી ઓળખાણ આપવાનું મન થાય છે; પણ ઘા જેવો પ્રત્યુત્તર સાંભળવાની હીમ્મત નથી તેથી મુંગો રહું છું.

પાટ ઉપર બેઠો છું. ગામમાંથી મોતીભાઈ આવે છે. મોં પર વૃદ્ધત્વના ઓળા ઉતર્યા છે; પણ ઉત્સાહની ઝલક ઝાંખી પડી નથી. કહે છે : 'ઘણે વર્ષે આવ્યા જયન્તીભાઈ, (મારું નાનપણનું નામ 'બચુભાઈ' વીસરાઈ ગયું છે). ગામની રોનક બદલાઈ ગઈ; સમયની બલીહારી છે. જુઓને, જ્યાં ધોળે દહાડે જતાં બીક લાગે ત્યાં હવે ખબખબાટ વસતી થઈ ગઈ છે, જમીન ખેડાય છે ને ઘોઘંબું તો હવે શહેર જ જોઈ લો, કોઈ વાતની કમી નથી. બજાર થયું છે, મોટરો આવે છે. શહેરમાંથી શાકભાજી ઉતરે છે. ભલું હશે તો બેચાર વર્ષમાં વીજળીયે આવશે. ગામનો ઉદય લખાયો હોય તે મીથ્યા થાય કે ? કેમ, હવે તમારા જેવા શહેરમાંથી આવે એમને ગમે એવું થયું છે ને ?' હું શો જવાબ આપું ? એમના મોં પરની આશા–ઉત્સાહની ઝલક ઝાંખી કરવાનું પાપ શા માટે કરું ? થાય છે કે બીજા કોઈ ગામની આવી પ્રગતી જોઈને મને આનંદ ન થાત ? પણ આને 'બીજું ગામ', 'પારકું ગામ' ગણવાનું તાટસ્થ્ય ક્યાંથી લાવવું ? મારે તો મારું ગામ જોવું હતું. પણ એમ આપણું ભુતકાળનું મમત્વ કાંઈ કાળને કાળજે જકડી રાખી શકે કે ? જે ગયું તે તો ગયું જ. એનો રંજ ન કરવાનું ગીતાજ્ઞાન તો થાય ત્યારે, હમણાં તો મન એ ભુતમાં જ રમમાણ રહે છે. એક આખું જગત મારા

ચીત્તમાં બરાબર વસી ગયું છે. વર્તમાનના સન્દર્ભમાં હું આ ભુમીનો નથી; હૃદયથી આ ભુમીથી કદી છુટો પણ પડવાનો નથી. આમ 'છે' ને 'નથી', 'છું' અને 'નથી'ની વીચીત્ર લાગણી થાય છે. થાય છે કે સવારે જ અહીંથી નીકળી જાઉં : વધારે રહેવાથી રખેને ચીત્તમાં અંકાયેલું પેલું ચીત્ર ચહેરાઈ જાય !

સવારે મોટરમાં વીદાય થાઉં છું. ઉંચાનીચા રસ્તા પર આંચકા આપતી મોટર એકધારો અવાજ કરતી ચાલી જાય છે. વધતા જતા અંતર સાથે હું ચીત્તમાં ઉગેલા મારા વનાંચલમાં વધુ ને વધુ ઉંડે પ્રવેશતો જાઉં છું. નાની નાની કેડીઓ જેવી કાવ્યપંક્તીઓ મનમાં ઉઘડી રહે છે :

અહીં હું જન્મ્યો'તો વનની વચમાં તે વન નથી;
નથી એ માટીનું ઘર, નીજ લહ્યાં તે જન નથી;
અજાણ્યાં તાકી રહે વદન મુજને સૌ સદનમાં,
વળું પાછો મારે વનઘર હું : મારા જ મનમાં.

–સ્વ. જયન્ત પાઠક

૧૯૭૪માં પ્રથમ વાર પ્રકાશીત થયેલા અને પછી ઘણાં બધાં પુનર્મુદ્રણો પામેલા લેખકના **'વનાંચલ'** પુસ્તકમાંથી, લેખકના પુત્ર પંકજભાઈ (avani_pathak@hotmail.com) અને પુત્રવધુ નીલાબહેનની હેતાળ પરવાનગીથી સાભાર.. ઉત્તમ ગજ્જર..

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ: દસમું – અંક: 314 – January 25, 2015

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

More than 3,11,80,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 40,88,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,29,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,32,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@